**અમદાવાદ (ગ્રામ્ય) ના ૬–ઠા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. ૧૯૮૮/૨૦૨૨
આંક:–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : પ્રમેશ લાડજીભાઈ ડામોર

**<u>ગુનો : બોમ્બે પ્રોહી. એકટની કલમ –૬૬(૧)(બી),તથા જી.પી.એકટની કલક : ૧૧૦, ૧૧૭,મુજબ</u>**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ **બોમ્બે પ્રોહી. એકટની કલમ –૬૬(૧)(બી),તથા જી.પી.એકટની કલક : ૧૧૦, ૧૧૭** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાન કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી તેઓ સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને તે અનુસંધાન પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જો ગવાઈ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–:: હુકમ::–**

સદર કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે **બોમ્બે પ્રોહી. એકટની કલમ –૬૬(૧)(બી),તથા જી.પી.એકટની કલક : ૧૧૦, ૧૧૭** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **બોમ્બે પ્રોહી. એકટની કલમ –૬૬(૧)(બી), મુજબના ગુના માટે રૂા. ૧૦૦/– દંડ, તથા જી.પી.એકટની કલક : ૧૧૦, ૧૧૭ મુજબ ગુન્હા માટે રૂા. ૧૦૦/– દંડ, કુલ દંડ રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પૂરા) દંડ ભરવાનો** તથા **આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા** તથા જો દંડ ન ભરે તો **દિન–ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૨ મી, માહે, માર્ચ, ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૧૨/૦૩/૨૦૨૨
અમદાવાદ (ગ્રામ્ય)

(પૃથુ શર્મા)
૬–ઠ્ઠા એડી.સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર